# દ્વિતીય વિશ્વ ધર્મ સભા

## આયોજક : 'અનાનાઇ ક્યો' જાપાન

તા. ૨૩-૧૦-૧૯૫૪ થી ૩-૧૧-૧૯૫૪

## શ્રી પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (દાદા)ની ઉપસ્થિતિ અને પ્રદાન

## એક અભ્યાસ - <u>અસત્યોના સત્યનો !</u>

**આ પત્રમાં વપરાયેલ શબ્દોનો સંદર્ભ - અર્થ :**

૧) આયોજક :- 'અનાનાઇ ક્યો' નામની જાપાનની સ્થાનિક ધાર્મિક સંસ્થા - જેનું મુખ્યાલય જાપાનના શીમીઝુ શહેરમાં આવેલું છે.

૨) સભા :- દ્વિતીય વિશ્વ ધર્મ સભા જેની આયોજના 'અનાનાઇ ક્યો' દ્વારા તેના મુખ્યાલય જાપાનના શીમીઝુ શહેરમાં ૧૯૫૪માં ૨૩ ઓક્ટો. થી ૩ નવેમ્બર સને ૧૯૫૪ દરમ્યાન કરવામાં આવી હતી.

૩) અહેવાલ :- સભામાં થયેલ કાર્યવાહીનો દસ્તાવેજ. જેનું પ્રકાશન 'અનાનાઇ ક્યો' - સંસ્થાએ કર્યું છે. કૌંસમાં આપેલી સંખ્યા અહેવાલના પાના નંબર દર્શાવે છે.

૪) આંદોલન :- શ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલે દ્વારા ચલાવાતી પ્રવૃત્તિ, જે સ્વાધ્યાય નામે ઓળખાય છે.

૫) પરિવાર :- સ્વાધ્યાયમાં જોડાયેલ લોકસમુહ.

૬) દાવો :- આ અભ્યાસ પત્રમાં જે દાવા વિષે જણાવ્યું છે. તે દાવાઓ શ્રી. પી.વી. આઠવલે દ્વારા અને અથવા તેમના વતી પરિવારના પ્રકાશનો જેવા કે - નિવેદનમ્ (૩જી આવૃત્તિ); નિર્ઘોષ (પહેલી આવૃત્તિ ઓક્ટો. ૧૯૮૬), ચૈતન્ય (પ્રકાશકની માહિતી છાપી નથી.), અખિલમ્ મધુરમ્, દર્શન-મારી બારીએથી (લે. પરમાનંદ ગાંધી 'આનંદ' -પહેલી આવૃત્તિ ફરી છપાઇ ઓક્ટો. ૧૯૯૮), દેહ ઝાલા ચંદનાચા (લે. રાજેન્દ્રખેર - ૩જી આવૃત્તિ સપ્ટે.-૧૯૯૯) શ્રી આઠવલે દ્વારા અપાયેલ મુલાકાતની પુસ્તિકાઓ તથા પરિવારમાં થયેલી મીટીંગોમાં, ચર્ચા સત્રોમાં તથા શિબિરોમાં થયેલા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા પ્રકાશિત જાપાનના પ્રવચનોની પુસ્તિકાનો પણ અમે આધાર લીધો છે. અમારી માહિતી પ્રમાણે શ્રી આઠવલે વ્યક્તિગત સુચનાઓ આપવાથી, આ બધાના નિર્માણ, પ્રકાશન અને રજુકર્તાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. આમાના કેટલાકના સંદર્ભ વાચકોના લાભાર્થે 'દાવાઓ' માં દર્શાવ્યા છે.

### અ) પ્રાસ્તાવિક :-

૧) આ પત્રની ભૂમિકા અને હેતુ :-

અમો અમેરીકનો સત્યની ખેવના રાખનારા છીએ. કોઇ અમને મુરખ ના જ બનાવી જાય તેવો અમારો દાવો નથી. દુનિયાભરની ભોળી જનતાની જેમ પ્રભાવી વ્યક્તિત્વોથી અમે પણ અંજાઇ જઇએ છીએ. તે વ્યક્તિ-ધર્મ, વિજ્ઞાન કે રાજકારણ કે ગમે તે ક્ષેત્રની હોય પણ તેમ છતાંય એકવાર ચેતવ્યા કે જાગી ગયા પછી અમારી સત્યની શોધને કોઈ સીમા નથી, ને જ્યારે જરૂર પડે ત્યારે સત્ય પર પ્રકાશ પાડવાના અને જુઠનો પર્દાફાશ કરવાના અમારા પ્રયત્નોને કોઇ રુંધી શકે નહીં.

આ અભ્યાસ પત્ર ખાસ કરીને શ્રી પી.વી. આઠવલેએ જાપાનની શીમીઝુ શહેરની સ્થાનિક ધાર્મિક સંસ્થા 'અનાનાઇ ક્યો' દ્વારા ૨૩-૧૦-૧૯૫૪ થી ૩-૧૧-૧૯૫૪ સુધી આયોજીત દ્વિતીય વિશ્વ ધર્મ સભામાં ભાગ લઇ આપેલા વાસ્તવિક પ્રદાન પર પ્રકાશ ફેંકવા માટે છે. પહેલી આવી સભા કેવળ છ મહિના પહેલાંજ યોજાઇ હતી.

શ્રી પી.વી. આઠવલે એ સભામાં કેવો અને કેટલો ભાગ લીધો, તેના તેમના વિવિધ અભ્યાસક્રમોમાં, પુસ્તકોમાં, શિબિરોમાં તેમના થકી અને અથવા તેમના વતી કરાયેલા દાવાઓની સત્યા સત્યતાનો અહેવાલમાં રહેલી વિગતોને સામે રાખી ચકાસણી, તારવણી અને વિશ્લેષણ કરવાનો આ પ્રયત્ન છે.

૨) આયોજક :-

આમંત્રણ આપનાર 'અનાનાઇ ક્યો' એ એક સ્થાનિક જાપાનીઝ ધાર્મિક સંસ્થા છે. જેની સ્થાપના સને ૧૯૪૯માં શ્રી યોનોસુકુ નાકાનો નામના ગુરુએ કરી હતી. સાને તેમને ચીન્કોન (એટલે દૈવી આત્માની

પ્રસ્થાપના) અને 'કીશીન' (એટલે દેવી, અવતરણ) ની દિવ્ય કલાનો જાણકાર હતા, તેમ કહેવાય છે. એક સત્તાવાર અહેવાલ મુજબ સન ૧૯૭૮માં પણ 'અનાનાઇ ક્યો'ના અનુયાયીઓ સમગ્ર જાપાનમાં અને જાપાન બહાર કેટલાક ગણ્યાગાંઠ્યા મળીને કુલ સંખ્યા ૨,૦૧,૩૬૦ની હતી. તેથી વાંચકો પોતે કલ્પના કરી લે કે, ૧૯૭૮ના વર્ષથી ૨૪ વર્ષ પહેલાં ૧૯૫૪માં એની સ્થાપનાના પાંચમા વર્ષમાંજ આ સંસ્થાનો ફેલાવો કેટલો હશે ? (સ્થાપના સન ૧૯૪૯)

૩) અહેવાલ :-

સભાની કાર્યવાહી ઝીણવટ પૂર્વક તૈયાર કરી જહેમતથી નોંધવામાં આવી છે. ત્યારબાદ ૩૮૦ પાનાના આ અહેવાલ ને આયોજકોએ દસ્તાવેજી પુસ્તક રૂપે પ્રકાશિત કર્યો છે.

## (બ) પોકળ દાવાઓ વિરૂદ્ધ નક્કર હકીકતો અને તારણો :-

ઉપર આપેલ વાસ્તવિક્તાની પાર્શ્વભૂમિના સંદર્ભે હવે આપણે શ્રી. પી.વી. આઠવલે એ સભામાં ભાગ લઇ કરેલા પ્રદાન વિષે તેમના થકી અને અથવા વતી કરાતા દાવાઓ ના ખરાપણાની ચકાસણીનો પ્રયત્ન કરીએ.

## દાવો પહેલો :-

સ્વામી વિવેકાનંદે જેમાં ભાગ લીધો હતો, તેવી એક આંતરરાષ્ટ્રિય તત્વચિંતકોની સન ૧૯૫૪ જાપાનમાં થયેલી પરિષદમાં શ્રી. પી.વી. આઠવલેએ ભાગ લીધો હતો, કે જેનું આમંત્રણ અમેરીકાની ''ઇન્ટરનેશનલ ફીલોસોફીકલ સોસાયટી'' એ આપ્યું હતું. (જુઓ પાના નં. ૧૬, સુરેશ લાલ સાથે મુલાકાત; પાનું ૧૪ જસવંત કાનાબાર સાથેની મુલાકાત, નિર્ઘોષ, પાનું ૧૪-દેહ ઝાલા ચંદનાચા, પાના નં. ૨૩-ચૈતન્ય અને સ્વાધ્યાય પરિવારમાં લેવાયેલ શિબિરમાં કહેવાયેલ વાતો.

### હકીકત :-

૧) બીજાઓ સાથે સ્વામી વિવેકાનંદ જેમાં હાજર રહેલા તે વિશ્વ ધર્મ સંસદ સમિતિ આયોજીત પરિષદ સન ૧૮૯૩માં થઇ હતી. આ સમિતિ આજ સુધી અમેરીકાના શહેર શિકાગોમાં આવેલી છે. એને તેણે ૧૦૦ વર્ષ પછી આવી ફરી એક પરિષદ હમણાં નજીકના ભૂતકાળ સને ૧૯૯૩માં અમેરીકાના શિકાગો શહેરમાં આયોજીત કરી હતી.

૨) શ્રી આઠવલેએ સને ૧૯૫૪માં જાપાનના એક 'અનાનાઇ ક્યો' નામક ધાર્મિક પંથ દ્વારા આયોજીત સભામાં ભાગ લીધો હતો, નહીં કે સ્વામી વિવેકાનંદે ભાગ લીધો હતો, તેવી પ્રતિષ્ઠિત ધર્મ પરિષદમાં.

૩) 'અનાનાઇ ક્યો' આયોજીત નાનકડી સભામાં ફક્ત ગણીને ૨૦ પ્રતિનિધિઓએ ફક્ત છ જ દેશો વતી ભાગ લીધો હતો. આ છ દેશોમાં પણ ડેનમાર્ક, હોલેન્ડ અને ફીલીપાઇન્સ જેવા નાના બચુકડા દેશોનો સમાવેશ છે.

૪) યજમાન સંસ્થા 'અનાનાઇ ક્યો' નો પોતાનો પ્રભાવ તે વખતે ઘણો ઓછો હતો. તેનો પ્રમાણિક એકરાર તેના પ્રમુખ શ્રી શીન નીગામી એ સભાના ઉદ્‌ઘાટન ના પોતાના પ્રાસ્તાવિક સંબોધનમાંજ કર્યો છે. (અહેવાલ પાના નં. ૩૩)

૫) પ્રસાર માધ્યમોની પ્રગતિ ૧૮૯૩ પછી ઘણી થઇ છે. તેમ છતાં સન ૧૯૫૪માં જાપાનમાં યોજાયેલ સભાની નોંધ ક્વચિત્ જ લેવાઇ છે. જ્યારે ૧૯૫૪ના ૬૧ વર્ષ પહેલા સન ૧૮૯૩ની સ્વામી વિવેકાનંદ વાળી પરિષદની નોંધ ખૂબજ સારી રીતે પુરા દસ્તાવેજી આખા વિશ્વના પ્રસાર માધ્યમોએ લીધેલી હતી.

૬) એ પણ એટલું વિચિત્ર અને તેટલોજ આંચકો આપનારી વાત છે, કે આયોજક 'અનાનાઇ ક્યો' નો ઉલ્લેખ ચાલાકી પૂર્વક 'નિવેદનમ્' અને બાકી બધાજ પરિવારના પ્રકાશનોમાં સદંતર કરવામાં આવ્યો નથી. જ્યારે શ્રી. પી.વી. આઠવલેની જાપાનની સભામાં હાજરીની વાતો જોરજોરથી ગાઇ-વગાડીને કહેવાઇ છે. વળી આખાય અહેવાલમાં અમેરીકાની 'ઇન્ટરનેશનલ ફીલોસોફીકલ સોસાયટી'નો ઉલ્લેખ શોધ્યોય જડતો નથી. આ સભા જાપાનના અજાણ્યા નાના શીમીઝુ શહેરની 'અનાનાઇ ક્યો' નામક સ્થાનિક સંસ્થા દ્વારા આયોજીત હતી, નહીં કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત જાણીતા સંગઠન દ્વારા.

### તારણ :-

શ્રી. પી.વી. આઠવલે એ જેમાં ભાગ લીધેલ તે જાપાનમાં સન ૧૯૫૪માં આયોજીત વિશ્વ ધર્મ સભા - સ્વામી વિવેકાનંદે ભાગ લીધેલ પરિષદ જેવી હતી તે દાવો તદ્દન ખોટો છે. આ સભાના વર્ણનમાં 'સંસદ' અને 'આંતરરાષ્ટ્રીય તત્વચિંતકોની સભા' જેવા શબ્દોનો ઉપયોગ, ખોટા નામો - ઉલ્લેખથી ગેરમાર્ગે દોરનાર છે. આ કોઇ તત્વવેત્તાઓની પરિષદ ન હતી, પણ કેવળ થોડાક ધાર્મિક સાંપ્રદાયિક નેતાઓનું મિલન હતું. એટલે કે આ સભા કોઇ આંતરરાષ્ટ્રીય કક્ષાની ન હતી. પરિવારના પ્રકાશનો ઇત્યાદિમાં 'ઇન્ટ. ફીલો. સોસાયટીના નામનો ઉપયોગ જુઠાણું ચલાવવાનું ષડ્યંત્ર છે. અને કદાચ આવી કોઇ સંસ્થા અસ્તિત્વમાંજ નથી. આમ એના નામનો ઉપયોગ

શ્રી આઠવલેએ ભાગ લીધેલ સભાને ખોટી રીતે આંતરરાષ્ટ્રીય દરજ્જાની દર્શાવવાનો પ્રયાસ માત્ર છે.

યજમાન/આમંત્રણ આપનારની સાચી ઓળખ હેતુપૂર્વક છુપાવવી અને જુઠી રજુઆત કરવી એ આપણને કોઇ બદઇરાદો હોવાની શંકા કરવા પ્રેરે છે. શ્રી આઠવલેએ આ હકીકત દોષોને અને પોતાની જાપાન યાત્રાની અનુકુળ ફેરબદલાની વાતોને ક્યારેય પરિવારની મીટીંગો-શિબિરો વગેરેમાં સુધારી નથી, એટલું જ નહીં પણ ઉલ્ટું સભાનતા પૂર્વક પોતે ફેલાવા દીધી છે. આ જુઠાણાનો દેખાડો ઊભો કરી પ્રસાર કરાવવાનો હેતું શ્રી આઠવલેની મહાન છબી ઉભારવાનો હોય તેમ લાગે છે.

## દાવો બીજો :-

શ્રી આઠવલે પોતાના દેશ ભારતના ફક્ત એકમાત્ર પ્રતિનિધિ હતા. કે જેમણે સભામાં 'વૈદિક સંસ્કૃતિ'નું પ્રતિનિધિત્વ કર્યું. (પાના નં. ૧ નિવેદનમ્)

**હકીકત :**

૧) જોકે અહેવાલમાં મૂળ આમંત્રિતોની યાદી આપવામાં આવી નથી. પરંતુ એપણ હકીકત છે કે. જો પોતે હાજર ન રહી શકે તો, પોતાના વતી બીજા ને મોકલવાની છૂટ હતી.

૨) આમંત્રિતોને એજન્ડા પ્રમાણે પોતાના અભિપ્રાયો અને/અથવા અભ્યાસ નિબંધો મોકલવા વિનંતી કરાઇ હતી. અને ભારતનાકેટલાય આમંત્રિતોએ પોતે હાજર ન રહેતાં-પોતાના અભ્યાસ નિબંધો મોકલ્યા હતા. જેનો અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ખરું જોતાં ભારતીય આમંત્રિતોએ મોકલેલા નિબંધપત્રો અહેવાલના મોટા હિસ્સારૂપ છે. (અહેવાલ પાન નં. ૨૩૯થી ૨૪૮, ૨૭૨ થી ૩૨૨ અને ૩૬૩ થી ૩૭૪)

૩) શ્રી આઠવલે ઉપરાંત આ સભામાં ભાગ લેનાર અન્ય હાજર રહેલાંમાં માઉન્ટ આબુની બ્રહ્માકુમારીઝના સું.શ્રી પ્રકાશમણી અને સું. શ્રી રત્નમોહીની, મુંબઇના શ્રી.સી.એમ. ચક્રદેવ અને મુંબઇના શ્રી.એમ.જી. શાહનો સમાવેશ થાય છે. (અહેવાલ પાના નં. ૧૦૪થી ૧૨૧, ૧૩૦ થી ૧૩૪, ૧૮૨ થી ૧૯૪)

૪) શ્રી આઠવલેએ તેમના સંબોધનમાંજ જણાવેલું છે કે તેઓ શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળા-સી.પી.ટેન્ક મુંબઇના પ્રતિનિધિ છે. (અહેવાલ પાના નં. ૧૫૯)

૫) સભામાં શ્રી આઠવલેએ કરેલા સંબોધનમાં એવા કોઇ શબ્દો નથી. કે જેથી લાગે કે તેઓ 'વૈદિક સંસ્કૃતિ'નું પ્રતિનિધિત્વ કરે છે.

**તારણ :**

એટલુ તો નિશ્ચિત જ કે શ્રી આઠવલે એકલાજ ભારતના પ્રતિનિધિ ન હતા, પણ બીજા અન્ય ચાર મહાનુભવો પણ હતા; તેથી સભામાં ભારતનું પ્રદાન ફક્ત શ્રી આઠવલે પુરતું સીમિત ન જ ગણાય, અન્ય ભારતીયોનું પ્રદાન પણ નિશ્ચે હતું જ.

શ્રી આઠવલેએ શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળાનું જ પ્રતિનિધિત્વ કર્યું હતું નહીં કે ''વૈદિક સંસ્કૃતિનું'. તેથી પુસ્તક નિવેદનમ્માં જણાવ્યા પ્રમાણે તેમણે વૈદિક સંસ્કૃતિના પ્રચારનો ઉદ્ઘોષ કર્યો. એમ કહેવાનો હેતુ, પોતાને છે-તેના કરતાં મોટી પ્રતિભા ઉભારવાનો જણાય છે.

## દાવો ત્રીજો :

નોબેલ પારિતોષિક વિજેતા શ્રી આર્થર હોલી.કોમ્પટને શ્રી. આઠવલેને (ધ હ્યુમન અપલીફ્ટમેન્ટ) સંગઠન વતી જાપાનની તે સભામાં, અમેરિકા રહેવા/સ્થાયી થવાનો વિલોભનીય પ્રસ્તાવ મુકયો હતો. પરંતુ શ્રી આઠવલેએ લાંબા મનોમંથન પછી એ પ્રસ્તાવ ઠુકરાવ્યો હતો. અને આમ તેમણે ભારતીય લોકો અને સંસ્કૃતિ માટે મોટું બલિદાન આપ્યું.

**હકીકત :-**

૧) શ્રી કોમ્પટનને સન ૧૯૨૭માં ભૌતિક-શાસ્ત્ર માટે નોબલ પારિતોષક મળ્યુ હતું.

૨) સન ૧૯૫૪માં જાપાનમાં 'અનાનાઇ ક્યો' આયોજીત દ્વિતીય વિશ્વ ધર્મ સભામાં શ્રી કોમ્પટને ભાગ લીધો જ ન હતો. અને પોતાના જીવન દરમ્યાન આવી કોઇ સભા/પરિષદમાં ક્યારેય હાજરી આપી નથી. વળી તેઓ પોતાના જીવનકાળ દરમ્યાન 'હ્યુમન અપલીફ્ટમેન્ટ' નામના કોઇપણ અમેરીકી સંગઠન સાથે જોડાયેલા ન હતા. આ વાતની ખાત્રી કરવા શ્રી કોમ્પટનની આત્મકથા જે ઇન્ટરનેટ http:// www.nobel.se / physics / laurets / 1927 / c ompton-bio,html પર વાંચી / જોઇ શકાય છે. અથવા તેઓ જ્યાં સંકળાયેલા હતા, તે વોશિંગ્ટન યુનિવર્સીટીના સંગ્રહાલયમાં સચવાયેલા તેમના વિગત વાર જીવન ચરિત્ર, નિબંધ, પત્રવ્યવહારો ઇત્યાદિ જોવાથી મેળવી શકાય છે.

3) આખા અહેવાલના ઝીણવટભર્યા અભ્યાસ પછી વક્તાઓ, મુલાકાતી, અતિથિ વિશેષ, મહાનુભાવો, ગેરહાજર રહેલાઓ, ભાષાંતરકાર, સંદેશો તેમજ અભ્યાસ નિબંધો મોકલનારાઓ, સંસ્થાના હોદ્દેદારો અને બીજા ભાગ લેનારા ના નામો જોયા પછી તે ચોખ્ખું દેખાય છે, કે શ્રી કોમ્પટન ત્યાંની સભામાં હાજર ન હતા. એટલું જ નહીં, અહેવાલમાં તેમનો આડકતરો કે અછડતો ઉલ્લેખ સુધ્ધાં નથી.

<u>તારણ :-</u>

જાપાનની તે સભામાં શ્રી આઠવલે અને શ્રી કોમ્પટન વચ્ચે કોઇ મુલાકાત થઇ નથી. એમાંય જ્યારે શ્રી કોમ્પટન તે સભામાં હાજર જ ન હોવાથી મુલાકાત થવાનો પ્રશ્ન ઊભો જ થતો નથી. અને જો શ્રી કોમ્પટન ત્યાં હાજર હોય તો, તેમનું વ્યક્તિત્વ અને દરજ્જો જોતાં અહેવાલમાં તેમના નામનો ઉલ્લેખ છૂટી જવો શક્ય નથી એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઇએ કે અહેવાલમાં ઝીણી-ઝીણી વિગતો ભારે જહેમત પૂર્વક આવરી લેવાઇ છે. તેથી એ સ્વાભાવિક છે. કે શ્રી કોમ્પટન સાથે જાપાનમાં મુલાકાત અને તેમણે મુકેલો કહેવાતો આકર્ષક પ્રસ્તાવ અને શ્રી આઠવલેએ કરેલો તેનો અસ્વીકાર એ ઉપજાવી કાઢેલી વાર્તા છે.

પરિવારના પ્રકાશનોમાં ઉક્ત પ્રસ્તાવ વિષે અનેક મનઘડંત રજુઆતો થઇ છે. દેહ ઝાલા ચંદનાયા... કોઇ કહે છે, ૨ વર્ષ રૂા. ૧ લાખની વાતો કરે છે, તો નિર્લોપ પાંચ લાખ રૂપિયાની વાત કરે છે, અને અન્ય સવલતો જુદી. કોઇ કહે છે પાં[illegible] વર્ષ માટે (ચૈતન્ય). તો વળી કોઇ કહે છે, કે જાપાન અને અમેરીકા માટે (દર્શન-મારી બારીએથી) તો કોઇ વળી અમેરીકામાં કાયમી સ્થાયી થવાની વાતો કરે છે. (નિર્લોપ) બબ્બે વર્ષ માટે. (દર્શન મારી બારીએથી).

ઓહ! વાચક મિત્રો, માફ કરશો! તમોને ઘણો ગુંચવાડો થાય તેમ છે પણ અમે સત્ય કહેવા ઇચ્છીએ છીએ. અમે સત્ય સિવાય બીજુ કશું જ નહી. જુદા જુદા પરિવારના પ્રકાશનોની વિસંગત અને વિરોધાભાસી વાતોનો મેળ કેમ બેસાડશો ? આનો દેખીતી રીતે એક માત્ર ઉદ્દેશ એ છે કે, પોતાની માતૃભૂમિ માટે, સંસ્કૃતિ માટે, અને દેશના લોકો માટે આવા જુવાન શ્રી આઠવલેએ પોતાને મળતા નામ, કીર્તિ, માન અને પ્રતિષ્ઠાનો ભવ્ય ત્યાગ આપનાર તરીકે પોતાની છબી મોટી કરી દેખાડવી.

**દાવો ચોથો :-**

'સ્વપરિચય આપવો એ મારી સંસ્કૃતિ નથી''. એવા શ્રી આઠવલેના સંબોધન ઉચ્ચારણથી સભામાં હાજર સર્વે મહાનુભાવો પર ખૂબ ઊંડી અસર થઇ હતી. (મિત્રો! આ વાતો તમે શિબિરોમાં અનેકા-નેક વખત સાંભળી છે. કેમ ખરુંને ?)

<u>હકીકત :-</u>

૧) ઉદ્ઘાટન સમારોહ અને પરિચય વિધિ વખતની દરેક પ્રતિનિધિની વિગતવાર વેશભૂષા (તેમની સાડી [illegible] કાઈ કે ફૂલોના રંગ શીખો!) અને બેઠક વ્યવસ્થા વગેરેનું ઝીણું-ઝીણું બધુંજ વર્ણન આ અહેવાલમાં છે.

૨) સભાના પ્રમુખ શ્રી શિન નેગામી એ ઉદ્ઘાટન સમારોહમાં જાપાનનો પારંપારિક પહેરેલો ડ્રેસ બદલીને [illegible] પ્રકારનો ડ્રેસ પહેર્યો. તેની પણ નોંધ આ અહેવાલમાં છે. (જુઓ પાના નં. ૧૬)

૩) સભા પર ઊંડી અસર કરનારું ''સ્વપરિચય મારી સંસ્કૃતિ નથી'' આવું શ્રી આઠવલેનું કોઇ ઉચ્ચારણ આખાય અહેવાલમાં ક્યાંય નોંધાયું નથી (પાનું ૩૩, ૩૪) જો આ પ્રકારનું અસામાન્ય ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તો, અહેવાલમાં તેને અચુક સ્થાન મળત. કારણકે તે બાકી બધાઓ એ આપેલ પરિચય કરતાં સાવ જુદુંજ લાગે, અને વળી તેથી અન્ય વક્તાઓ અને પ્રતિનિધિઓનું ધ્યાન ખેંચાવાથી અલગ તરી આવે.

૪) સભામાં પોતે જેના પ્રતિનિધિ છે, તે શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળાના ઇતિહાસની શ્રી આઠવલેએ બહુ લાંબી કુંડળી માંડતાં, તે સંસ્થાના-તત્કાલીન ૧૦ હજાર હાજર અનુયાયીઓમાં ડૉક્ટરો, વકીલો, કરવેરા નિષ્ણાતો, શિક્ષકો, વેપારીઓ વગેરેનો સમાવેશ થાય છે. (માધવ [illegible] બાગ પાઠશાળાની જગ્યા જોતાં ત્યાં આજે પણ સન ૨૦૦૨માં પણ આટલા લોકોનો સમાવેશ થઇ શકે તેમ નથી) તેમ જ પાઠશાળાના સ્વૈચ્છિક ફંડફાળા દ્વારા ગોઠવાતા માસિક ખર્ચ રૂપિયા ૧હજારની વાતો પણ ત્યાં કરી છે. (મહેરબાન ! આ ખર્ચ કઇ જરૂરિયાતો સામે ? અને તેપણ સને ૧૯૫૪માં અધધધ.... રૂપિયા ૧ હજાર જેટલો ? ને બહારની દુનિયાને આ જણાવવાની શી જરૂર ?) સંસ્થાના વક્તા અર્થાત્ પોતે પણ માનદ્ (મફત) સેવાઓ આપે છે. તેવી લાંબી લપ કરનારા શ્રી આઠવલે ત્યાં ફક્ત એકલાજ હતા. (જુવો પાના નં. -૧૫૯)

<u>તારણ :-</u>

'સ્વપરિચય આપવો એ મારી સંસ્કૃતિ નથી' તે કહેવાતું ઐતિહાસિક ઉચ્ચારણ કદી બોલાયું જ નથી. આવું ખાસ પોતાની ઓળખાણ પોતે આપવાનું પસંદ ન કરતી વ્યક્તિ જ, પોતાની અને પોતાની સંસ્થાની તેના માસિક ખર્ચ સહિત-પરિચય આપતી લાંબી વાતો કરે, તે એકબીજાથી ચોખ્ખી વિરોધાભાસી છે.

આ સ્વપરિચય વાળું કહેવાતું વાક્ય શ્રી આઠવલે બોલ્યા હતા, તેમ કહેવા પાછળનો આશય તેમની પોતાની

છાપ ભવ્ય બનાવવાનો એક વધુ પ્રયાસ છે.

## દાવો પાંચમો :-

મુળ વૈચારિક પાયા રૂપ એવું 'કૃષ્ણમ્ વંદે જગતગુરૂમ્' નામનું પ્રાસ્તાવિક પ્રવચન શ્રી આઠવલેએ જાપાનની સભામાં આપ્યું. આ પ્રવચન ત્યાં હાજર સૌને અને ખાસ તો શ્રી. કોમ્પટનને એવું પ્રભાવિત કરી ગયું કે સભા પૂરી થયે. તુરંત શ્રી. કોમ્પટને શ્રી આઠવલેનો સંપર્ક કરી પેલી કહેવાતી અમેરિકા જવાની ઐતિહાસિક ઓફર કરી. (જુઓ ચૈતન્ય પાના નં. ૨૭ અને દેહ ઝાલા ચંદનાચા પાના નં. ૧૪)

**હકીકત :-**

૧) તા. ૨૩-૧૦-૧૯૫૪ થી તા. ૩૦-૧૦-૧૯૫૪ સુધી સભામાં બનેલી દરેક ઘટનાની ઝીણવટ ભરી નોંધ અહેવાલમાં લખાઇ છે. (અહેવાલ પાના નં. ૧૫ થી ૨૯)

૨) કાર્યક્રમના એજન્ડાના ક્રમપ્રમાણે દરેક પ્રતિનિધિઓએ પોતાના વ્યાખ્યાનો આપવાના હતા, ને તેજ પ્રમાણે આપ્યા હતા. ''એડવેન્ટ ઓફ સેવીયર' (ઉદ્ધારકનું અવતરણ) વિષયનો મુદ્દો છેલ્લો હતો, અને તે ૨૭-૧૦-૧૯૫૪ના રોજ ચર્ચા માટે લેવાયો હતો. અહેવાલમાં તે તે દિવસની દરેક ઘટનાની ઉંડાણથી વિગતો, અને તે તે દિવસના વક્તાના વ્યાખ્યાનો સંક્ષેપમાં નોંધાયેલા છે.

૩) ''એડવેન્ટ ઓફ સેવીયર' વિષે તારીખ ૨૭-૧૦-૧૯૫૪ ના રોજ શ્રી આઠવલે દ્વારા કશુંજ કંઇપણ બોલાયાનો ઉલ્લેખ આખાય અહેવાલમાં ક્યાંય પણ નથી. અહેવાલ મુજબ તે દિવસે શ્રી આઠવલે કશુંજ બોલ્યા નથી. તો પછી ઉપરોક્ત પ્રવચનની તો વાત જ શું ?

૪) એજન્ડા પરના વકતવ્યમાં શરૂઆતનું સંબોધન શ્રી આઠવલે એ નીચે પ્રમાણે કરેલું છે.

'માનનીય પ્રમુખ, પ્રતિનિધિ ભાઇઓ, જ્ઞાનના મશાલચીઓ, તમારા દેશના શાંતિ અને સમૃધ્ધિના રખેવાળો તથા જાપનના ભાઇઓ અને બ્હેનો, (ફકરો એક).

મને આમંત્રણ આપવા માટે આ સભાના આયોજકોનો હું આભાર માનું છું. આ મહત્વની સંસ્થાએ યોજેલ ચર્ચામાં સહભાગી થવાની તક આપવા બદલ હું તમારો કૃતજ્ઞી છું. મારા ઉષ્માપૂર્ણ આવકારથી ગદ્દગદ્દ થયો છું. અને શ્રીમદ્દ ભગવદ્દગીતા પાઠશાળા-મુંબઇ કે જેનો હું પ્રતિનિધિ છું, તેના હજારો ભાઇઓ-બ્હેનો વતી આપનો આભાર માનું છું' (ફકરો બીજો)

આ વ્યાખ્યાન સભાના એજન્ડા પર રહેલા પાંચે મુદ્દા મુજબનું હતું. અને અહેવાલમાં તે સામેલ છે. (જેને કોઇ મથાળું અપાયેલ નથી.) (અહેવાલ પાના નં. ૧૩૪ થી ૧૪૬) તેજ પ્રમાણે આ વક્તવ્ય 'એજન્ડા પરના મુદ્દાઓ' ના મથાળા તળે એ શ્રીમદ્દ ભગવદ્દગીતા પાઠશાળા દ્વારા પ્રકાશિત પ્રવચન પુસ્તિકામાં છપાયેલું છે. (પાના નં. ૧૫ થી ૩૪)

આમ છતાં પ્રવચન પુસ્તિકામાં છપાયેલ વક્તવ્યની શરૂઆત કેવળ 'ભાઇઓ અને બહેનો' ના સંબોધનથી છાપવામાં આવ્યું છે. જે અહેવાલમાં નોંધાયેલા ઉપરોક્ત લાંબા સંબોધનથી જુદું-અલગ જ છે. આ શરૂઆતના સંબોધનના ધ્યાનાકર્ષક ફરક સિવાય બાકીનું વક્તવ્ય સરખું છે.

૫) પ્રવચન પુસ્તિકામાં 'કૃષ્ણમ્ વંદે જગદ્દગુરુમ્' (વર્લ્ડ પ્રિચર લોર્ડ કિષ્ના) નામક નિબંધ સૌપ્રથમ ક્રમે છાપવામાં આવ્યો છે (પાના નં. ૩ થી ૧૧) અને નવાઇ પમાડનારી વાત એ છે કે આ નિબંધની શરૂઆત તરીકે ઉપર જણાવેલ લાંબુ સંબોધન જોડી દેવામાં આવ્યું છે. વધુ એક આંચકા રૂપ બાબત એ છેકે 'આજે હું તમારી સમક્ષ ભગવાન શ્રી કૃષ્ણ વિશે બોલીશ અને શા માટે કૃષ્ણ જન્મથીજ જગદ્દગુરુ ગણાય તે વિષે મારો દૃષ્ટિકોણ તમારી સમક્ષ દર્શાવીશ' (ફકરો ત્રીજો)

આ વાક્ય ઉપરોક્ત સંબોધનના બે ફકરા પછી ઘુસાડવામાં આવ્યું છે. અને તે દ્વારા એવો ભ્રમ ઊભો કરાયો છેકે, આ પ્રવચન શ્રી આઠવલેએ ત્યાં ખરેખર શ્રોતાઓ સમક્ષ આપ્યું ને તે પણ મૂળ વિચારના પાયારૂપ મુખ્ય પ્રવચન તરીકે.

**તારણ :**

પ્રવચન પુસ્તિકામાં છપાયેલ 'કૃષ્ણમ્ વંદે જગદ્દગુરુમ્' વિષેનું પ્રવચન શ્રી આઠવલેએ ત્યાં કદી કર્યું જ નથી, અને તે પણ ખાસ પ્રવચન તરીકે તો નહીંજ. હા ! કદાચ શક્ય છે કે આ પ્રવચન નિબંધ તરીકે ત્યાં જમા કરાવ્યું હોય. ગમે તેમ એ વાત ધક્કાદાયક છેકે એજન્ડાના વિષય તરીકે કરાયેલ વ્યાખ્યાન-પ્રવચન પુસ્તિકામાં છાપતી વખતે બદલી ઉપરોક્ત બે ફકરા ત્યાંથી ઉઠાવી 'કૃષ્ણમ્ વંદે જગદ્દગુરુમ્' વાળા પ્રવચનની શરૂઆતનાં ફકરા તરીકે મુકી દીધા છે. વળી ત્રીજો ફકરો સીફતથી પ્રાસ્તાવિક પ્રવચનના સંબોધન પછી જોડી દીધો છે. આમ આ ચાલાકીભર્યા અદલ-બદલથી સામાન્યપણે એમ સહજ જણાઇ આવે કે 'કૃષ્ણમ્ વંદે જગદ્દગુરુમ્' વાળું પ્રવચન અને આવું આ પ્રવચન સાંભળી શ્રી કોમ્પટને પ્રભાવિત થઇ અમેરીકાવાળી આંકર્ષક ઓફર કરી હતી એ વાત વિશ્વાસ પાત્ર લાગે.

અમને માનો તો એક વધુ (હજી વધુ...?) આશ્ચર્ય એ છે કે પ્રવચન પુસ્તિકામાં છાપેલ 'ધર્મ અને જીવન' વ્યાખ્યાન (પાના નં. ૩૫ થી ૩૮) ત્યાં વંચાયાનો અહેવાલમાં કોઇ ઉલ્લેખ નથી. તો વળી પ્રવચન પુસ્તિકામાં પ્રકાશિત 'ધર્મની જરૂરિયાત' વ્યાખ્યાન (પાના નં. ૧૨ થી ૧૪) તો જાપાનની સભામાં વંચાયા કે જમા કરાયાનો પણ કોઇ ઉલ્લેખ નથી. છતાં ગમે તેમ આપણે તો ઉદારતાથી (શંકાનો લાભ આપતાં) માની લેવું જોઇએ કે તે ત્યાં નિબંધ તરીકે જમા કરાવ્યા હશે.

આમ જે જાપાનની સભામાં અપાયેલ નથી તેવા આ બંન્ને નિબંધો જાપાનની સભામાં અપાયેલ તરીકે ઠસાવવા-પ્રવચન પુસ્તિકામાં છાપવા પાછળનો ઉદ્દેશ શું હોઇ શકે ? તે વાચકોએ પોતેજ અનુમાન કરી લેવું.

## દાવો છઠ્ઠો :

તત્વજ્ઞાન અને ધર્મના વિવિધ પાસાંઓનું આકલન (તારણ) કરવા તે સભામાં મળેલી ગોળમેજી બેઠકના શ્રી આઠવલે બે વખત પ્રમુખ ચુંટાયા (નિવેદનમ્ પાના નં. ૨)

**હકીકત :**

૧) આ સભા તારીખ ૨૩ ઓક્ટો. થી ૩જી નવેમ્બર દરમ્યાન થઇ, પણ તેના મુખ્ય કાર્યક્રમો તા. ૨૩-૧૦ થી શરૂ થઇ ૨૭-૧૦-૧૯૫૪ ના રોજ પૂરા થયા હતા. (અહેવાલ પાના નં. ૧૫ થી ૨૨)

૨) ભારતના શ્રી આઠવલે અને ડેનમાર્કના શ્રી માર્ટીનસ તેઓના અનિવાર્ય કારણોસર તા. ૨૮-૧૦-૧૯૫૪ ના રોજ પોત-પોતાના દેશ જવા શીમુઝુ સ્ટેશનથી નુમાઝુ જતી સવારે ૯.૫૬ કલાકની ટ્રેનમાં રવાના થયા હતા. (અહેવાલ પાના નં. ૨૨)

૩) તારીખ ૨૯-૧૦-૧૯૫૪ ના રોજ સભાની પહેલી ગોળમેજી બેઠક આયોજકના "નીશીયુરાના સપ્લીમેન્ટલ હોલ"માં થઇ હતી. આ હોલ ઇઝુ-નીશીયુરા નામના ગામડે દરિયા કાંઠે આવેલો છે.

૪) અને બીજી ગોળમેજી બેઠક તા ૩-૧૧-૧૯૫૪ ના રોજ મળેલી હતી (અહેવાલ પાના નં. ૨૮)

**તારણ :**

શ્રી આઠવલે પોતાના દેશ-પાછા જવા તા. ૨૮-૧૦-૧૯૫૪ના રોજ સવારે જ નીકળી ગયા હતા. તેથી ત્યારબાદ તા. ૨૯ ઓક્ટો. અને ૩જી નવેમ્બરના રોજ મળેલી બન્ને ગોળમેજી બેઠકમાં તેઓ હાજર હોઇજ ન શકે. ને વળી હાજર જ ન હોય તો તે ગોળમેજી બેઠકો ના પ્રમુખ કેવી રીતે ચુંટાયા ? આમ આ દાવો પણ વધુ એક સરિયામ જુઠ સિવાય બીજું કશું જ નથી.

**અંતે એક હાર્દિક વિનંતી :-**

વાચક મિત્રો ! આવી ભાંગ પાનારી પાંડુરંગી પરિકથાઓમાંથી મુક્ત થાઓ. અને તમારી જાતને બચાવી લો !

બધા પર પ્રભુ કૃપા ઉતરો.................. ...આમિન.

★★★★★★★★★★★★★★★★

સ્વાધ્યાય પરિવારમાં આપણને એમ લાગતું કે કાર્યકરોનો ઉત્સાહ વધે માટે સંખ્યા, એવોર્ડો, પ્રયોગોનો યશ ઇત્યાદિ હોય તેના કરતાં ખૂબ મોટો કરીને દેખાડવામાં વાંધો નહી, કાર્યની શરૂઆતથીજ દાદાનું અને છેલ્લા વર્ષોમાં દીદીનું આવુંજ વલણ આપણે બધાએ જોયું છે. આઠવલે, તલવલકરની પ્રતિષ્ઠા વધે તે માટે એકપણ તક દાદાએ ક્યારેય છોડી નથી. સત્ય હકીકતોને તોડી-મરોડીને પોતાના લાભમાં ગોઠવવાનો તેમનો કસબ અત્યાર સુધી બહુ કારગત નિવડ્યો છે. વયસ્થ સંચલન, સપ્તતી, કૃતજ્ઞતા સમારોહ મ.ગો. દિનની ઉજવણી ઇત્યાદિ દરેક વખતે સંખ્યા વધાર્યાની વાત સૌને વિદિત છે. નાના-મોટા દરેક એવોર્ડની બાબતમાં પણ તેવુંજ.

પણ ઠેઠ ૧૯૫૪માં જાપાનની ધર્મ પરિષદમાં અમેરીકાની ઓફર ઠુકરાવ્યાનો અને કીર્તિ પ્રતિષ્ઠાનો ત્યાગ પણ સરાસર જુઠાણું છે. તે પુરવાર કરતો અમેરીકાથી અંગ્રેજીમાં આવેલો 'ઇ-મેલ' ઉપર તમારી સમક્ષ ગુજરાતીમાં રજુ કર્યો છે.